
**વડીલોને વંદન**
**અભિનંદન**



બળવંતરાય જે. શુક્લ
(૧૯૩૮) મો. ૯૮૨૪૫૬૬૯૬૮

## ધનસુરા સેવા સહકારી મંડળીનું પરિણામ જાહેર

ધનસુરા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાની સૌથી મોટી ધનસુરા સેવા સહકારી મંડળની ૧૫ વર્ષ બાદ ચૂંટણીઓ યોજાઈ હતી. જેમાં ચાર બિનહરીફ અને સાત સભ્યો ચૂંટાયા હતા.

અરવલ્લી જિલ્લામાં આવેલી સેવા સહકારી મંડળીમાં છેલ્લા ૧૫ વર્ષથી સર્વાનુમતે સભ્યો બિનહરીફ વિજેતા જાહેર થતા હતા. જ્યારે આ વખતે ચૂંટણી યોજાતા ૧૦ જેટલા સભ્યો ચૂંટણી મેદાનમાં હતા. જેમાં ભરતભાઈ પટેલ અને અન્ય ત્રણ ઉમેદવારો બિન હરિફ થયા હતા. છેલ્લી ઘડી સુધી ૭ બેઠકો માટે ૧૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. પરિણામે ધીરૂભાઈ પટેલ, દેવકરભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, વિજયી જાહેર થયા હતા. વિજેતા ઉમેદવારોને સભાસદોએ અભિનંદન પાઠવ્યા હતા.

# જુનાગઢ મહાપાલીકાની સામાન્ય ચૂંટણી ૨૦મી જુલાઈના યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

જુનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણી આગામી ૨૦ મી જુલાઈના રોજ યોજાશે અને ૨૨મી જુલાઈના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનો કાર્યક્રમ જાહેર કરતાં રાજ્ય ચૂંટણી પંચના કમિશનરે જણાવ્યું હતું કે મહાપાલિકાની ૨૦વોર્ડોની ૬૦બેઠકો માટે આગામી ૨૦ મી જુલાઈ-૨૦૧૪ના રોજ સામાન્ય ચૂંટણી યોજાશે. ૩૦ મી જૂનના રોજ ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૫ મી જુલાઈ નક્કી કરવામાં આવી છે.

૭ મી જુલાઈ-૨૦૧૪ ના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાની તારીખ ૮ મી જુલાઈ-૨૦૧૪ નિયત કરવામાં આવી છે. ૨૦ મી જુલાઈ-૨૦૧૪ના રોજ મતદાન યોજાશે અને ૨૨ મી જુલાઈના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

જુનાગઢ મહાપાલીકાની ૨૦ મીના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણીમાં અંદાજે ૨,૧૧,૧૧૨ મતદારો પોતાના મતાધીકારનો ઉપયોગ કરશે. ચૂંટણીમાં મતદાન માટે ઈ.વી.એમ. મશીનનો ઉપયોગ કરવામાં આવશે.

જુનાગઢ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી સાથે રાજ્યની નવ નગર પાલિકાઓની ૧૦બેઠકોની પેટા ચૂંટણીઓ પણ ૨૦ મી જુલાઈ-૨૦૧૪ ના રોજ યોજાશે.



ધનસુરા ચાર રસ્તા બાયડ રોડ ઉપર ગઈકાલે મોડી રાતે પરપ્રાંતનો એક ટ્રક થમ્સઅપના બોક્સભરી જઇ રહ્યો હતો ત્યારે ડ્રાઈવરે અચાનક કાબુ ગુમાવતાં ભરબજારમાં બમ્પ ઉપર સફેદ પટ્ટા ન હોવાથી બ્રેક મારતા ટ્રકે પલટી મારતાં રોડની સાઈડમાં પડતાં અંદર ભરેલ થમ્સઅપના બોક્સ રોડ ઉપર વેરવિખેર પડતાં સદ્નસિબે રાત્રે દુકાનો આગળ કોઈ હતું નહિ. ડ્રાઈવર અને કંડકટરનો સદ્નસીબે બચાવ થયો હતો. (તસવીર : જિતેન્દ્ર પટેલ, ધનસુરા)

# ઓપન યુનિવર્સિટી દ્વારા ૧૭ ઓગસ્ટે પ્રવેશ પરીક્ષા લેવાશે

## ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ૧૫ જુલાઈ સુધી અરજી કરી શકાશે : વિદ્યાર્થીઓ ઉત્સુક

અમદાવાદ, તા. ૨૩

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારો ૧૫ જુલાઈ સુધી પ્રવેશ ફોર્મ ભરી શકશે ત્યારબાદ ૧૭ જુલાઈના રોજ પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓ ઈગ્નુની વેબસાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી શકે છે.

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૫ના પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રક્રિયાનો પ્રારંભ કરી દીધો છે. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનાં માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા ઈન હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફાયનાન્સીયલ મેનેજમેન્ટ ડિપ્લોમા ઈન માર્કેટીંગ મેનેજમેન્ટ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફાઈનાન્સીયલ માર્કેટીંગ પ્રેકટીસ જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ આગામી ૧૫ જુલાઈ સુધી અરજી કરી શકે છે ત્યારબાદ ૧૭મી ઓગસ્ટે પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે.

# રાજ્યમાં નેશનલ ઈ-ગર્વનન્સ કેમ્પસ સ્થાપવાની માંગણી

## ચુડાસમા અને રવિશંકર પ્રસાદ વચ્ચે બેઠક : સેમીકન્ડક્ટર મેન્યુફેક્ટરીંગ યુનિટ સ્થાપનાને આવકારતું ગુજરાત : ઝડપી અમલીકરણ માટે મધ્યસ્થીની માંગણી

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સાયન્ય ટેકનોલોજી મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કોમ્યુનિકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈસીટી) પ્રધાન રવિ શંકર પ્રસાદની મુલાકાત લીધી હતી. બંને વચ્ચે ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોમ્યુનિસકેશન અંગે ચર્ચા થઈ હતી.

ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કેન્દ્રીય ટેલિકોમ પ્રદાનને ગુજરાત ઈ-ગર્વનનન્સ ક્ષેત્રે હરણફાળ ભરી ઈ-ગર્વનન્સના વિવિધ મોડેલ્સના અમલીકરણરૂપે અનોખી પહેલ કરી સફળતાપૂર્વક અમલીકરણ દ્વારા હાંસલ કરેલી પ્રગતિથી માહિતગાર કર્યા હતા. ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે ઈ-ગર્વનન્સના અમલીકરણ ક્ષેત્રે વધુ સાતત્યપૂર્ણ પ્રયાસો કરવાની દિશામાં ભારત સરકાર પ્રયત્નશીલ છે અને કોમ્યુનિકેશન એન્ડ આઈટી મંત્રાલયની મદદથી ગુજરાત રાજ્યમાં નેશનલ ઈ-ગર્વનન્સ કેમ્પસની સ્થાપના કરવા ઈચ્છુક છે. તેમણે વધુમાં સૂચન કરતા કહ્યું હતું કે આ પ્રાસ્તાવિત ઈ-ગર્વનન્સ કેમ્પસમાં નેશનલ ઈ-ગર્વનન્સ એકેડમી, આગામી પેઢીને અનુરૂપ આઈસીટી માળખું, ઈ-ગર્વનન્સ માટે સેન્ટર ફોર એક્સેલન્સ, સાયબર સિક્યુરીટી સેલ, ડીજીટલ લાઈબ્રેરીનો સમાવેશ કરી શકાશે. કેન્દ્રીય પ્રધાને માહિતગાર કરતા ચુડાસમાએ ઉમેર્યું હતું કે ગુજરાત ખાતે ઈ-ગર્વનન્સ વિષયક રાષ્ટ્રીય પરિષદ યોજવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી.

બ્રોડબેન્ડની કનેક્ટીવીટીના વિષયમાં ચર્ચા કરતા ગુજરાતના મંત્રી ભુપેન્દ્રિસંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા અતિમહત્વની એવી ટેલિકોમ કનેક્ટીવીટી આંતરીયાળ વિસ્તારોમાં પણ ઉપલબ્ધ કરાવાઈ છે. ઈગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ વીસેટના ટેકનોલોજીના માધ્યમથી રાજ્યની ૧૩,૮૦૦ ગ્રામપંચાયતોને જોડાણ અપાયું છે. ગુજરાત સરકારની પ્રસંશનીય કામગીરીની રૂપરેખા આપતા તેમણે વધુમાં માહિતી આપી હતી કે દેશની ગ્રામ પંચાયતને બ્રોડબેન્ડનું જોડાણ આપવા માટે નેશનલ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કની શરૂઆત કરનાર ગુજરાત સરકારની યુનુવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ સ્કિમ છે અને આઈસીટી એપ્લિકેશન્સ માટે કનેક્ટીવીટીનો લાંબાગાળા માટે વધુ અસરકરાક અમલીકરણ કરવામાં આવશે.

# મેયર મળેલ ગ્રાન્ટમાંથી ૮૫ લાખના ખર્ચે ગાર્ડન બનાવશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા પશ્ચિમ ઝોન સ્થિત જોધપુર વોર્ડમાં અંદાજે રૂા. ૮૫ લાખના ખર્ચે હાઈટેક ગાર્ડન બનાવવા આવશે. જે બાબતે રોડ એન્ડ બીલ્ડીંગ કમીટી મારફતે મ્યુનિસિપલ કોર્પોરેશન બોર્ડની મંજુરી માટે મુકવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરની અઢી કરોડની ગ્રાન્ટમાંથી ૮૫ લાખની ફાળવણી કરવામાં આવશે. નવા પશ્ચિમ ઝોન જોધપુર વોર્ડમાં પ્રેરણાતીર્થ દેરાસરથી કર્ણાવતી કલબ રોડ પર સેલ્બી હોસ્પિટલની સામે પ્લોટ આવેલો છે. જેમાં હાલમાં આ સ્થળ ઉપર કચરાપેટી તેમજ ગંદકી છે જેથી તે પ્લોટમાં બગીચો, સ્પોર્ટસ પાર્ક તથા સીનીયર સીટીઝન પાર્ક બનાવવા માટે મેયર મીનાક્ષીબેન પટેલે દરખાસ્ત મુકી હતી તેમજ આ વિસ્તારની આસપાસમાં હાલમાં કોઈ જાહેર સ્પોર્ટસ પાર્ક કે અન્ય સુવિધા ઉપલબ્ધ ન હોવાથી લોકો તેનો ઉપયોગ કરી શકે તે હેતુથી મેયરે પોતાને મળેલ ગ્રાન્ટમાંથી રૂા. ૮૫ લાખ ફાળવ્યા હોવાનો નિર્ણય લીધો છે. નવા પશ્ચિમ ઝોન, જોધપુર વોર્ડમાં આવેલ પ્લોટમાં બગીચો, સ્પોર્ટ પાર્ક તથા સીનીટર સીટીઝન પાર્ક ૩૫૦૧.૦૦ ચોમી વિસ્તારમાં બનશે. જેમાં જોગીંગ ટ્રેક, વોલીબોલ કોર્ટ, બાસ્કેટ બોલ કોર્ટ, સેન્ડ પીટ, પાર્કીંગ એરિયા, લેડીઝ એન્ડ જેન્ટ્સ ટોઈલેટ, કાફે એરિયા, સીક્યુરીટી કેબીન, સીનીયર સીટીઝન પાર્ક જેવો સમાવેશ કરવામાં આવશે.



શેકેલી સીંગની મજા જ કંઈ ઓર છે. અત્યારના જંક ફુડના સમયમાં સાત્વિક ખાદ્ય પદાર્થોનો આસ્વાદ માણવો જરુરી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# વટવા ઉદ્યોગોને પાણી આપવા હવે વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ શરૂ


## દર વર્ષે મ્યુનિ. તંત્રને એક કરોડ ૬૫ લાખની આવક થશે પાણીનો ઉપયોગ પીવા સિવાય અન્ય કામ માટે કરી શકાશે

અમદાવાદ, તા.૨૩

શહેરના વટવા વિસ્તારમાં મળતા ડ્રેનેજ પાણીને ટ્રિટમેન્ટ પ્લાન્ટથી શુદ્ધ કરીને હવે મ્યુનિસિપલ કોર્પોરેશન વટવાના ઔદ્યોગિક એકમને પાણી પુંરૂ પાડશે જે પાણી પીવા સિવાયના બધા કામમાં ઉપયોગી કરી શકાશે. આ અંગે પ્રાપ્ત થતી વિગતોનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વટવા જીઆઈડીસી કંપનીને વિંઝોલ એસટીપી આગળ ૬૦ ચોમીટર જગ્યા આપેલી છે. જેમાં વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ દ્વારા વટવામાં મળતા ડ્રેનેજ પાણીને શુદ્ધ કરવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે. જેનાથી મ્યુનિસિપલ કોર્પોરેશનને દર વર્ષે રૂા. ૧ કરોડ ૬૫ લાખની આવક થશે તેવું વોટર સપ્લાય કમિટીના ચેરમેન સુરેશ પટેલે જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ પાણી શુદ્ધ કરવાના ટ્રિટમેન્ટ પ્લાન્ટમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો નથી.

આ પ્લાન્ટ વટવા જીઆઈડીસી દ્વારા જ કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફક્ત વિંઝોલ એસટીપી ખાતે ૬૦ ચોમીટરની જગ્યા જ આપવામાં આવી છે. જો કે આ ટ્રિટમેન્ટ પ્લાન્ટથી રોજના ૧૦ એમએલડી પાણી શુદ્ધ ખરી એકમોને વહેંચવામાં આવશે. પરંતુ હાલમાં શરૂઆતનો સ્ટેજ હોવાથી પાંચ એમએલડી જ પાણી શુદ્ધ કરવામાં આવી રહ્યું છે. વટવા જીઆઈડીસી દ્વારા જાતે જ ડ્રેનેજનું પાણી લાવીને આ ટ્રિટમેન્ટ પ્લાન્ટમાં શુદ્ધ કરવામાં આવશે. પીવાના પાણી સિવાય વટવાના ઔદ્યોગિક એકમો આ પાણીનો ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત પૂર્વ ઝોનમાં રામોલ હાથીજણ વોર્ડમાં હાથીજણ ખાતે ૮૦ લાખ ગેલનની ક્ષમતા વાળુ પંપીગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે જેનાથી રામોલ, હાથીજણ અને વિવેકાનંદનગર વિસ્તારની આશરે એક લાખથી વધુ વસ્તીને લાભ થશે જેનું ટુંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે.

## શબ્દાવલી - ૫૪૨૮



### આડી ચાવી

૧. ગુલઝાર, બગીચો (ઉર્દૂ શબ્દ) (૪)
૩. હલકાં કુટુંબનું, નીચ (૩)
૬. બુ-શર્ટની બાંયમાં શોપીન જેવું બટન બરાવાય તે (૪)
૭. અઢળક, મબલક (૪)
૧૦. સાધુ, સન્યાસી (૨)
૧૧. બ્રેડ, ભાજી... (૨)
૧૩. વશ કરવું, ... કરવું (૩)
૧૫. આતુરતા (૪)
૧૭. ભાનમાં, ભાન સહિત (૪)
૧૮. બાફેલા કઠોળ વગેરે (૩)
૧૯. ઉચ્ચ અધિકારી, ખાવાની વાનગી (૨)
૨૦. ચપલ, અસ્થિર (૩)

### ઊભી ચાવી

૧. અભિમાન, નશો (૩)
૨. વધેલું, ફાલતું (૩)
૩. છળ, પ્રપંચ (૩)
૪. નકલી, કપટી, બનાવટી (૨)
૫. શરીર (૨)
૬. કચવાયેલું, રીસાયેલું (૪)
૮. સાચું, નક્કર (૨)
૯. મોટી લડાઇ, મહાયુદ્ધ (૫)
૧૧. જુગટુ રમવા માટે દાવ નાખવા... જોઇએ (૨)
૧૨. ધડ માથા વગરની વાત (૫)
૧૩. મઠો, માખણ (૩)
૧૪. 'નડતર' શબ્દ આડોઅવળો (૪)
૧૬. લાફો (૪)

### શબ્દાવલી ૫૪૨૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) બારૂદ (૩) લાગવગ (૬) રગડો (૮) જીન (૯) કવિ (૧૧) લલકાર (૧૩) સતક (૧૬) કતરણ (૧૮) ખગ (૧૯) સકલ (૨૦) ડર (૨૧) કથા (૨૨) છુકછુક (૨૪) તાત (૨૫) રૉ

**ઊભી ચાવી :-** (૧) બારકસ (૨) દર (૩) લાડોલ (૪) વજીર (૫) ગન (૭) ગલ (૧૦) વિતક કથા (૧૨) કાથી (૧૪) કતલ (૧૫) મગર (૧૭) ણઠક (૧૮) ખડક (૧૯) સકટ (૨૨) છુત

# અમદાવાદમાં સાદા મલેરિયાના જૂનમાં ૩૫૧ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરમાં રોગચાળામાં વધારો થયો છે. જુન મહિનામાં શહેરમાં ૨૧મી જૂન સુધીના આંકડા દર્શાવે છે કે, સાદા મલેરિયાના ૩૫૧ કેસ નોંધાયા છે જ્યારે ઝેરી મલેરિયાના આઠ કેસો સપાટી ઉપર આવ્યા છે. ડેન્ગ્યુના ૭ કેસ નોંધાયા છે. બીજી બાજુ જાન્યુઆરી મહિનાથી લઈને ૨૧મી જૂન સુધીના આંકડા દર્શાવે છે કે, સાદા મલેરિયાના ૨૫૨૩ કેસો નોંધાયા છે જ્યારે આ ગાળામાં ઝેરી મલેરિયાના ૮૫ કેસો, ચીકનગુનિયાના ૨૨ કેસો અને ડેન્ગ્યુના ૫૭ કેસો નોંધાયા છે.

શહેરમાં હાલમાં હવામાનમાં સતત ફેરફાર થઈ રહ્યા છે જેના પરિણામ સ્વરુપે રોગચાળાના કેસોમાં પણ વધારો થઈ રહ્યો છે. મેલેરિયાના તેમજ ઝાડા ઉલ્ટીના દર્દીઓથી સરકારી તેમજ ખાનગી દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે. રોગચાળાને કાબૂમાં લેવા વિવિધ પગલા લેવાયા હોવા છતા સ્થિતિ બેકાબૂ બનેલી છે. શહેરમાં સાદા મેલેરિયાના માત્ર જૂન મહિનામાં ૩૫૧ કેસો સામે આવ્યા છે તેમજ ઝેરી મેલેરિયાના નવા ૮ કેસો નોંધાયા છે. શહેરમાં જૂન માસમાં પાણીજન્ય રોગોમાં ઝાડા ઉલ્ટીના ૫૭૬, કમળાના ૧૮૫ તેમજ ટાઈફોઈડના ૧૨ કેસો સામે આવ્યા છે અને કોલેરાના ૮ કેસો સામે આવ્યા છે.તંત્રના અધિકારીઓ વાહકજન્ય રોગોમાં ૪૪ ટકા અને પાણીજન્ય રોગોમાં ૧૫ ટકા જેટલો ઘટાડો થયો હોવાનો દાવો કરી રહે છે.

## ગતિશીલ ગુજરાત માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આયોજન કરવું વગેરેનો પણ આ કાર્યક્રમમાં સમાવેશ થાય છે તેમ પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકારના કર્મયોગીઓની કાર્યક્ષમતા સતત ઉચ્ચ સ્તરે રહે તે માટે રાજ્ય સરકારે ખાસ લક્ષ આપ્યું હોવાનું જણાવતા પ્રવક્તા મંત્રીશ્રીઓએ માહિતી આપી કે, ચાલુ નોકરી દરમિયાન ઈલેક્ટ્રોનિક લર્નિંગ પોર્ટલ અને ઈલેક્ટ્રોનિક તાલીમ મોડ્યુલ મારફતે તાલીમનું માળખું સુદૃઢ કરવાનું આ કાર્યક્રમ અંતર્ગત નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે કાર્યક્રમના અમલીકરણ સંદર્ભે મંત્રીશ્રીઓએ જણાવ્યું હતું કે, સમગ્ર ૧૦૦ દિવસના કાર્યક્રમનું અમલીકરણ જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીની સીધી દેખરેખ હેઠળ જિલ્લા તાલુકાની ટીમ દ્વારા હાથ ધરવામાં આવશે. જેનું પ્રત્યેક જિલ્લાના પ્રભારી સચિવશ્રી અને પ્રભારી મંત્રીશ્રી જિલ્લા કક્ષાએથી યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડશે. તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું કે, દરેક વિષય માટે સરકાર દ્વારા એક સંકલનકર્તા વિભાગ તરીકે જુદા જુદા વિભાગો નક્કી કર્યા છે જેથી યોગ્ય માળખાથી ૧૦૦ દિવસના કાર્યક્રમનો અમલ સૂચારૂ રૂપથી થઈ શકે.

## આખરી ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રોગચાળામાં સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી અસરકારક રીતે થવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો શોધી કાઢી અને જવાબદારો સામે કાર્યવાહી હાથ ધરવી જોઈએ. તેમણે બાંધકામ સાઈટોની પણ નિયમિત ચકાસણી થાય તેવો આગ્રહ કર્યો હતો.

ખાલી સરકારી આવાસોની ટાંકીઓમાં પણ પાણી ના ભરાઈ રહે તેમજ સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ના થાય તે જોવા માટે સઘન સર્વેલન્સ પર ભાર મુકયો હતો. તેમણે ડેન્ગ્યુ તેમજ મેલેરિયાના કેસો વધે નહિ તે માટે તંત્રને મિશન મોડ પર કામગીરી કરવા પણ સૂચવ્યું હતું.

શાળાઓમાં પોરાશોધક સ્પર્ધાઓ ઉપરાંત આરોગ્ય વિષયક જનજાગૃતિ અભિયાન સઘન બનાવવા માટે પણ તેમણે ભાર મુકયો અને શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગને સુયોગ્ય સંકલન સાથે આગળ વધવા જણાવ્યું હતું.

# ચાર પોલિટેકનિકમાં કન્યા માટે ડિઝાઈનિંગ કોર્સ બંધ

અમદાવાદ, તા.૨૩

એક બાજુ જ્યાં ગુજરાતની સરકાર કન્યા કેળવણી અને કન્યાઓને સારું અને અનોખું શિક્ષણ આપવાની વાત કરે છે ત્યારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની બેજવાબદારી અને ઉદાસીનતાને પગલે રાજયની સરકારી પોલિટેકનિકમાં ખાસ કન્યાઓ માટે ચાલકો કોસ્ચ્યુમ ડિઝાઈન એન્ડ ડ્રેસ મેકિંગ કોર્સ હાલ ચાર પોલિટેકનિકમાં બંધ થઈ ગયો છે અને જેને પગલે ૨૪૦ બેઠકો ઘટી ગઈ છે. હાલ સાત પોલિટેકનિકમાંથી માત્ર ત્રણ જ પોલિટેકનિકમાં હવે આ કોર્સ ચાલુ છે.

ગુજરાતમાં આવેલી ૩૦ સરકારી પોલિટેકનિકમાંથી અમદાવાદ (ગર્લ્સ), રાજકોટ, ભાવનગર, હિમ્મતનગર, દાહોદ, સુરેન્દ્રનગર અને ભરુચ સહિતની સાત ગવર્નમેન્ટ પોલિટેકનિકોમાં છેલ્લા ૨૦ વર્ષ કરતા વધુ સમયથી કન્યાઓ માટેનો કોસ્ચ્યુમ ડિઝાઈનિંગ એન્ડ ડ્રેસ મેકિંગનો એક ખાસ કોર્સ ચલાવાતો હતો. આ કોર્સમાં કોલેજદીઠ ૬૦ બેઠકો પ્રમાણે સાત કોલેજોની ૪૨૦ બેઠકો પર દર વર્ષે ધોરણ ૧૦ પાસ કન્યાઓને પ્રવેશ મળતો હતો. આ કોર્સમાં પ્રવેશ માટે મોટી સંખ્યામાં કન્યાઓનો ધસારો રહે છે ત્યારે મહત્વનું છે કે રાજ્ય સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગે આધુનિકતા સાથે ચાલવા જતાં આ સાત પોલિટેકનિકમાંથી ચાર પોલિટેકનિકોમાં કોર્સ બંધ થઈ ગયો છે અને પરિણામે ૪૨૦ બેઠકોમાંથી ૨૪૦ બેઠકોનું નુકસાન થવા પામ્યું છે. ગત વર્ષે ટેકનિકલ શિક્ષણ વિભાગે આ કોર્સને થોડો મોર્ડન કરીને ગારમેન્ટ એન્ડ પેશન ટેકનોલોજી નામ હેઠળ નવો કોર્સ ચાલુ કરવા માટે તમામ પોલિટેકનિકને સૂચના આપીને તેમના આ કોર્સને બંધ કરીને ક્લોઝર રિપોર્ટ મોકલવા તેમજ એઆઈસીટીઈને આ નવા મોર્ડન કોર્સ માટે અરી કરવા આદેશ કર્યો હતો.

## પિતા-પુત્રીને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. બંનેની ધરપકડ કરી ફરાર થઇ ગયેલા યુવાનની શોધખોળ પોલીસે આરંભી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે રાતે સાડા અગિયાર વાગ્યાના અરસામાં શહેરના સેક્ટર-૮ સમર્પણ કોલેજ રોડ પર એક એક્ટીવા નં.જીજે ૧ પીકે ૮૮૭૨ લઈને કુડાસણ ખાતે સ્વાગત ફ્લેટમાં રહેતી એક યુવતી ક્રીના તરુણભાઈ પટેલ ઉભી હતી. તેની સાથે બ્લેક ગાડી નં.જીજે ૧ કેએફ ૮૧૦૮ લઈને સે-૨ માં રહેતો તેણીનો ફ્રેન્ડ રાજ રહેવર ઉભો હતો. પેટ્રોલિંગમાં નીકળેલી પોલીસને આવતી જોઈને રાજ ગાડી લઈને ભાગી ગયો હતો. પોલીસને શંકા જતા ત્યાથી નીકળી રહેલી યુવતી ક્રીના પાસે પોલીસ પહોંચી હતી. ક્રીના પીધેલી હાલતમાં હતી. બંને મિત્રો પાર્ટી કરી રહ્યા હતા. પોલીસે ક્રીનાનું પર્સ તપાસ્યું તો તેમાંથી એક બિયરનું ટીન પણ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી તેણીના માતા-પિતાને બોલાવ્યા હતા. અડધી રાતે ક્રીનાના પિતા તરુણભાઈ પટેલ પીધેલી હાલતમાં તથા બીયરના ટીન સાથે પકડાયેલી પોતાની દીકરીને છોડાવવા પોલીસ સ્ટેશન આવી પહોંચ્યા હતા. ચોંકાવનારી વાત તો એ હતી કે છોડાવવા આવેલા પિતા પણ પીધેલી હાલતમાં હતા. પોલીસે તેમને પણ પકડી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. પિતા-પુત્રીની ધરપકડ કરીને ફરાર થઈ ગયેલા યુવાન શખ્સ રાજની શોધખોળ પોલીસે શરુ કરી છે.

## પ્રેક્ષકો અભિભૂત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાસ ખુબી તો એ હતી કે તમામ કૃતિઓમાં નૃત્યકારો દ્વારા પ્રેક્ષકોને સમજ પડે તે રીતે નૃત, નૃત્ય અને નાટ્યનું અદ્‌ભુત સંયોજન કરવામાં આવ્યું હતું.

'નિર્મિતિ' ગૃપમાં ભાગ લેનાર ૧૧ યુવતિઓમાં એક ગાંધીનગરની કુ. વ્યોમા પ્રકાશભાઈ ભટ્ટ સહિત કુ. જૈનલ ભાવસાર, કુ. આર્જવી શાહ, કુ. કિંજલ ડામોર, કુ. સનાયા પટેલ, કુ. પૂજા પંડ્યા, કુ. પૂજા મીરાની, કુ. નૈયા શાહ, કુ. પ્રિતી ખુડખુડીયા, કુ. તુલસી પટેલ અને કુ. વિશેષા પરીખનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જહા, ગુજરાત સીબીઆઈના વડા દીપકભાઈ ડામોર ઉપરાંત ફ્રેન્ડઝ સ્ટીલના શ્રીમતિ સ્વાતિ ગોયલ, પીટીએમઈ ફોર્ડ ઈન્ડીયા લિ.ના ડેપ્યુટી મેનેજર માઈકલ, ગાંધીનગર નાગરિક બેંકના ડાયરેક્ટર નરેન્દ્રભાઈ શાહ, પનઘટ કલા કેન્દ્રના ભાવિનભાઈ પટેલ ઉપરાંત નૃત્યકારોના માતા-પિતા અને મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનોએ હાજરી આપી હતી. તમામ પ્રેકો કલાકારો દ્વારા રજૂ થયેલ એકથી એક ઉત્તમ કૃતિઓને નિહાળી અભિભૂત થઈ ગયા હતા અને તેમણે નૃત્યકારોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. આ કાર્યક્રમમાં નૃત્યકારોએ કુલ આઠ કૃતિઓ રજૂ કરી હતી અને તમામ કૃતિઓને પ્રેક્ષકો દ્વારા ખૂબજ ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો હતો.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ ભાગેશ્વરી મુલચંદ ખાનચંદાની હતું તે બદલીને નવું નામ મંજુ અશોક પુરી રાખેલ છે.

સરનામું :
બ્લોક નં. ડી-૨૦૪,
સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧,
કુડાસણ, ગાંધીનગર